**Publication: Prabhat; Date: 13 Aug 2011; Edition: Ahmedabad;**

### ટીસીએસ આઈટી વિઝ ૨૦૧૧

# અમદાવાદ પ્રવૃત્તિમાં મહારાજા અગ્રસેન શાળા વિજેતા બની

દેશની અગ્રણી આઈટી સર્વિસ કંપની ટાટા કન્સલ્ટની સર્વિસિઝ (ટીસીએસ) દ્વારા અમદાવાદમાં દેશના શાળાઓ માટેના સૌથી મોટા એક ક્વિઝ ટીસીએસ આઈટી વિઝ ૨૦૧૧ને અભૂતપૂર્વ પ્રતિભાવ સાંપડ્યો હતો. અમદાવાદના ટાગોર હોલ ખાતે યોજાયેલા ટીસીએસ વિઝમાં ૧૦૦ શાળાઓના ૯૫૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો.

તીવ્ર બુદ્ધિ ક્ષમતાનો ક્યાસ કાઢતા કેટલાક પ્રશ્નો અને અત્યંત રોમાંચક બનેલી ફાઈનલ બાદ મહારાજા અગ્રસેન શાળા, અમદાવાદના યશ ગોયલ અને માનસ ગુપ્તા વિજેતા બન્યા હતા. વિજેતાઓને ટ્રોફી તથા દરેકને એક ગેલેક્સી ટેબ્લેટ અને ડિજિટલ કેમેરા અપાયા હતા. જ્યારે સંત કબીર, વડોદરાના દિગંત બાખરી અને હર્ષિલ વૈદ્ય રનર્સ અપ રહ્યા હતા. જેમને એનઆઈડીના ડિરેક્ટર અને કાર્યક્રમના મુખ્ય અતિથિ પ્રો. પ્રદ્યુમ્ન વ્યાસ દ્વારા ટ્રોફી તથા આઈપોડ ટચ એનાયત કરવામાં આવ્યા હતા.